તેર્યોશેચ્કા અને ડાકણ



તેર્યોશેચકા અને ડાકણ

રશિયન લોકવાર્તા

રજૂઆત–અલેક્સેઈ તોલ્સ્તોય

અનુવાદ–અતુલ સવાણી

ચિત્રો–યૂલિઆન કોરોવિન

પ્રગતિ પ્રકાશન

મોસ્કો

એક હતો ડોસો ને એક હતી ડોશી. એમને બાળકો નહોતાં. એમની જુવાની વીતી ગઈ ને ગઢપણ આવ્યું તોયે એમને સંતાનસુખ નહોતું મળ્યું.

એક દિવસે એમણે નાનકડું લાકડું લઈને કપડામાં લપેટી લીધું, અને પછી એને ઘોડિયામાં નાખીને બેઉ હાલરડું ગાવા લાગ્યાં:

સૂઈ જા બેટા પ્યારા ...
પંખી વનમાં સૂતાં સૌ,
સુખે પોઢે જનાવર સૌ,
સૂઈ જા બેટા પ્યારા...

અને હાલરડું પૂરું થતાં જ ચમત્કાર થયો. ઘોડિયામાં જુએ છે તો મઝાનો રૂપાળો બાબો હાથપગ ઉછાળે. ડોસો ને ડોશી તો રાજી રાજી થઈ ગયાં. એમણે દીકરાનું નામ તેર્યોશેચકા પાડ્યું.

દીકરો મોટો થયો ને ભારે ચતુર નીકળ્યો. ડોસાએ એને એક નાનકડી નાવડી બનાવી આપી. એણે નાવડીને સફેદ રંગે રંગી અને હલેસાંને લાલ રંગે રંગ્યાં.

તેર્યોશેચકા ઠેકડો મારીને નાવડીમાં ચડી ગયો અને બોલ્યો:

નાનકડી નાવડી મારી,
લઈ જા મને દૂર દૂર...
નાનકડી નાવડી મારી,
લઈ જા મને દૂર દૂર...

અને નાવડી એને દૂર દૂર લઈ ગઈ. તેર્યોશેચકા દરિયામાં માછલાં પકડવા લાગ્યો. એની મા એની સારુ દૂધ લઈને કિનારે આવતી.

મા કિનારે પહોંચીને સાદ પાડતી:

બેટા તેર્યોશેચકા,
પાછો વળ, કિનારે આવ,
હું તારી સારુ દૂધ ને ખાવાનું લાવી છું.

માનો સાદ સાંભળીને તેર્યોશેચકા નાવડી કિનારે લાવતો. મા માછલાં લઈ લેતી અને તેર્યોશેચકાને ખાવાનું ને સાફ કપડાં આપતી. પછી તેર્યોશેચકા વળી હલેસાં મારતો દૂર દૂર ચાલ્યો જતો.

એક કાળમુખી ડાકણને આ વાતની ખબર પડી ગઈ. એ તો સીધી કિનારે પહોંચી ગઈ અને ખોફનાક અવાજે સાદ પાડવા લાગી:

બેટા તેર્યોશેચકા,
પાછો વળ, કિનારે આવ,
હું તારી સારુ દૂધ ને ખાવાનું લાવી છું.

પણ તેર્યોશિચકા સમજી ગયો કે આ અવાજ માનો નથી. એટલે એ બોલ્યો:

નાનકડી નાવડી મારી,
લઈ જા મને દૂર દૂર...
આ નથી માવડી મારી,
લઈ જા મને દૂર દૂર...



કાળમુખી ડાકણ દોડતી ગામના લુહાર પાસે ગઈ. એણે લુહારને કહ્યું કે મને નવું ગળું ઘડી દે, મારે મારો અવાજ તેર્યોશેચકાની માના અવાજ જેવો કરવો છે. લુહારે એને નવું ગળું

ઘડી આપ્યું. એ પાછી કિનારે પહોંચી ગઈ અને તેર્યોશેચકાની માની જેમ મીઠા અવાજે સાદ પાડવા લાગી:

બેટા તેર્યોશેચકા,
પાછો વળ, કિનારે આવ,
હું તારી સારુ દૂધ ને ખાવાનું લાવી છું.

તેર્યોશેચકા એને માનો સાદ સમજીને પાછો કિનારે આવ્યો. ડાકણે એને પકડી લીધો. પછી એને કોથળામાં પૂરીને ડાકણ ભાગી ગઈ. દોડતી દોડતી એ પોતાની ઝૂંપડીએ પહોંચી. એની ઝૂંપડીને કૂકડાના બે પગના પાયા હતા. એણે એની દીકરી આલ્યોન્કાને ફરમાન કર્યું કે ભઠ્ઠી સળગાવીને તેર્યોશેચકાને શેકી નાખ. પછી ડાકણ કોઈ કામસર બહાર ચાલી ગઈ.

આલ્યોન્કાએ ભઠ્ઠી સળગાવી. ભઠ્ઠી તાપથી લાલચોળ થઈ ગઈ એટલે આલ્યોન્કાએ તેર્યોશેચકાને કહ્યું:

"આ પાવડા ઉપર લાંબો થઈ જા!"

તેર્યોશેચકા પાવડા ઉપર બેસી ગયો અને એણે હાથપગ એવી રીતે ફેલાવી દીધા કે આલ્યોન્કા એને ભઠ્ઠીમાં નાખી જ ન શકે.

"ના, એમ નથી બેસવાનું," આલ્યોન્કા બોલી ઊઠી.

"પણ મને તો સમજાતું જ નથી કે પાવડા ઉપર કેવી રીતે લાંબા થવું," તેર્યોશેચકાએ કહ્યું. "તું પોતે જ લાંબી થઈને મને બતાવ એટલે સમજણ પડે."

"ઊંઘતી બિલાડી કે કૂતરાની જેમ પાવડા ઉપર લાંબો થઈ જા!"

"ના, એમ સમજણ ન પડે, તું જ લાંબી થઈને બતાવ."

આલ્યોન્કા પાવડા ઉપર લાંબી થઈ કે તરત જ તેર્યોશેચકાએ એને ઉપાડીને ભઠ્ઠીમાં નાખી દીધી અને ઢાંકણું બંધ કરી દીધું. પછી એ બહાર નીકળીને ઓકના મોટા ઝાડ ઉપર ચડી ગયો.

ડાકણ કામ પતાવીને પાછી આવી અને શેકાઈ ગયેલી આલ્યોન્કાને ભઠ્ઠીમાંથી બહાર કાઢીને ખાઈ ગઈ. પછી એ બહાર નીકળીને ઘાસમાં આળોટતી બોલવા લાગી:

"તેર્યોશેચકાનું માંસ ખાઈને હું લહેરથી ઘાસમાં આળોટું છું!"

તેર્યોશેચકા ઓકના ઝાડ ઉપરથી બોલ્યો:

"તું તો આલ્યોન્કાનું માંસ ખાઈને ઘાસમાં આળોટી રહી છે!"

ડાકણને થયું કે આ તો કદાચ પાંદડાંનો અવાજ હશે. એટલે એ ફરી વાર ગણગણી:

"તેર્યોશેચકાનું માંસ ખાઈને હું લહેરથી ઘાસમાં આળોટું છું!"

તેર્યોશેચકા પણ ફરી વાર બોલ્યો:

"તું તો આલ્યોન્કાનું માંસ ખાઈને ઘાસમાં આળોટી રહી છે!"

ડાકણે ઉપર જોયું તો એને ઝાડની ઊંચી ડાળીએ બેઠેલો તેર્યોશેચકા નજરે પડયો. એ તો તરત જ ઊભી થઈને દાંત વડે ઝાડનું થડ કોતરવા લાગી. થોડી વારમાં એના બે ઉપલા દાંત પડી ગયા. એ દોડતી લુહાર પાસે ગઈ.

"લુહાર, મને લોઢાના બે દાંત ઘડી દે!"

લુહારે લોઢાના બે દાંત ઘડી દીધા.

ડાકણ પાછી આવીને વળી થડ કોતરવા લાગી. થોડી વારમાં એના બે નીચલા દાંત પડી ગયા. એ ફરી લુહાર પાસે દોડી ગઈ.

"લુહાર, મને લોઢાના બીજા બે દાંત ઘડી દે!"

લુહારે લોઢાના બીજા બે દાંત ઘડી દીધા.

ડાકણ વળી પાછી દોડતી ઝાડ પાસે પહોંચી ગઈ અને થડ વધારે જોરથી કોતરવા લાગી. ઝાડ એક તરફ નમવા લાગ્યું.

હવે તેર્યોશેચકા બિચારો શું કરે? અચાનક એને હંસલાંનું એક ટોળું ઊડતું નજરે પડયું. એણે સાદ પાડીને હંસલાંને કહ્યું:

"હંસલાં પ્યારાં, મને તમારી પાંખો પર બેસાડીને મારાં માબાપ કને પહોંચાડી દો!"

પણ હંસલાં બોલ્યાં:

"ગા-ગા-ગા! હંસલાંનું એક બીજું ટોળું અમારી પાછળ આવી રહ્યું છે. એ સૌ વધારે ભૂખ્યાં છે, ખોરાકની આશાએ તને પહોંચાડી દેશે!"

દરમિયાનમાં ડાકણ થડને કોતરી રહી હતી અને તેર્યોશેચકાની ઉપર નજર ઠેરવીને જીભના ડચકારા બોલાવી રહી હતી.

થોડી વારમાં હંસલાંનું એક બીજું ટોળું ઊડતું ઊડતું આવ્યું. તેર્યોશેચકાએ સાદ પાડીને હંસલાંને વિનવણી કરી:

"હંસલાં પ્યારાં, મને તમારી પાંખો પર બેસાડીને મારાં માબાપ કને પહોંચાડી દો!"

પણ હંસલાં બોલ્યાં:

"ગા-ગા-ગા! એક કમજોર કદરૂપું હંસલું અમારી પાછળ પાછળ આવી રહ્યું છે. એ તને પહોંચાડી દેશે!"

દરમિયાનમાં ડાકણે થડ લગભગ પૂરું કોતરી લીધું હતું અને ઝાડ પડવાની અણી પર હતું.

એટલામાં કમજોર કદરૂપું હંસલું ઊડતું આવી પહોંચ્યું. તેર્યોશેચકાએ એને વિનવણી કરી:
"હંસલા પ્યારા, મને તારી પાંખો પર બેસાડીને મારાં માબાપ કને પહોંચાડી દે!"

હંસલાને દયા આવી એટલે એણે તેર્યોશેચકાને પાંખો પર બેસાડીને ઘેર પહોંચાડી દીધો. બેઉ ઘર નજીક ઊતરીને બારણે પહોંચ્યાં.

અહીંયાં ઘરમાં તેર્યોશિચકાની માએ રશિયાના રીતરિવાજ મુજબ દીકરાની યાદમાં ઢેબરાં બનાવેલાં. ડોસો ને ડોશી ટેબલ પાસે બેસીને ઢેબરાંના ભાગ પાડી રહ્યાં હતાં:

"આ ઢેબરું તમારું ને આ મારું."

એટલામાં તેર્યોશેચકા બારણેથી બોલ્યો: "અને મારું ઢેબરું?"
આંગણામાંથી કોઈનો અવાજ સંભળાયો એટલે ડોશીએ ડોસાને તપાસ કરવા બહાર મોકલ્યો.



ડોસો બહાર નીકળ્યો અને દીકરો નજરે પડતાં એને ઘરમાં લઈ આવ્યો. તેર્યોશેચકાનાં માબાપ રાજી રાજી થઈ ગયાં અને દીકરાને ભેટી પડયાં.

ડોસો ને ડોશી કમજોર કદરૂપા હંસલાને રોજ રોજ મઝાનું ખાવાનું ખવડાવવા લાગ્યાં. થોડા વખતમાં હંસલું તંદુરસ્ત ને જોરાવર બનીને ઊડી ગયું. આગળ જતાં એ હંસલું આખા ટોળાનું આગેવાન બની ગયું. એ ઘણી વાર તેર્યોશેચકાને યાદ કરતું.



ТЕРЕШЕЧКА
Русская народная сказка в обработке А. Толстого
На языке гуджарати

T $\frac{70801\text{-}931}{014(01)\text{-}76}$ 707-76

© ગુજરાતી અનુવાદ, પ્રગતિ પ્રકાશન, ૧૯૭૬
સોવિયેત સંઘમાં મુદ્રિત